CHIPS Express
www.chipsairexp.com
CHIPS
પરદેશ પાર્સલ સર્વિસ
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭૫ | ૧૭ ડિસેમ્બર, ૨૦૧૯, મંગળવાર; માગશર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા રદ

ગાંધીનગર, તા. ૧૬

ભારે ચર્ચા જગાવનાર બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા આજે આખરે રદ કરવામાં આવી હતી. આની સાથે જ વિદ્યાર્થીઓના હિતમાં ગુજરાત સરકારે મોટો નિર્ણય કર્યો હતો. પરીક્ષા રદ કરવામાં આવ્યા બાદ આ પરીક્ષાની નવી તારીખ હવે ટૂંક સમયમાં જ જારી કરવામાં આવશે. ગેરરીતિની વ્યાપક ફરિયાદો થયા બાદ આખરે રિપોર્ટમાં ધ્યાન આપીને ગુજરાત સરકારે વિદ્યાર્થીઓના હિતમાં પરીક્ષાને રદ કરવાનો નિર્ણય કર્યો હતો. સાથે સાથે કેટલાક કઠોર નિર્ણય પણ કર્યા હતા જેના ભાગરુપે દોષિત દેખાનાર વિદ્યાર્થીઓ ત્રણ વર્ષ સુધી કોઈપણ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા આપી શકશે નહીં. અત્રે નોંધનીય છે કે, બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા ૧૭મી નવેમ્બરના દિવસે યોજાઈ હતી ત્યારબાદથી ગેરરીતિઓને લઈને ફરિયાદો થઈ રહી હતી. આ પરીક્ષા રદ કરવા માટેની માંગણી પણ વિદ્યાર્થીઓ તરફથી કરવામાં આવી હતી. આખરે આંદોલન કરનાર વિદ્યાર્થીઓની જીત થઈ છે. બિન સચિવાલયની પરીક્ષા રદ કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એકત્રિત થયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા રદ કરવા માટે ઉચ્ચસ્તરે રજૂઆત કરી હતી. આજે આખરે પરીક્ષાને રદ કરી દેવામાં આવી હતી. પરીક્ષામાં વ્યાપક ગેરરીતિ થાય બાદ છ લાખથી વધુ ઉમેદવારોના આક્ષેપોને સીટ દ્વારા સ્વીકારી લેવામાં આવ્યા હતા. પુરાવા તમામ પ્રમાણિક હોવાની વિગતો એફએસએલ દ્વારા પણ આપવામાં આવી હતી. ત્યારબાદ પરીક્ષા રદ કરવાની ભલામણ કરવામાં આવી હતી. આજે ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ગાંધીનગરમાં પત્રકાર પરિષદ યોજીને પરીક્ષા રદ કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, વિદ્યાર્થી આગેવાનો તરફથી પુરાવારુપે ૧૦થી વધુ મોબાઈલ, સીસીટીવી ફુટેજ આપ્યા હતા જેમાં એફએસએલ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. સીસીટીવીમાં વિદ્યાર્થીઓ એકબીજાને પુછીને અને ચાલુ પરીક્ષામાં જોઈને જવાબો લખતા જોવા મળ્યા હતા. જાડેજાએ કહ્યું હતું કે, આ પરીક્ષામાં ચોરી થઈ હોવાની બાબતમાં બનાસકાંઠા, ગીર સોમનાથ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ચાર ફરિયાદો થઈ હતી. આ ઉપરાંત બીજા પણ પુરાવા મળ્યા હતા જેની તપાસ ચાલી રહી છે. જાડેજાએ ઉમેર્યું હતું કે, તપાસ દરમિયાન જે પણ ઉમેદવારે પરીક્ષામાં એકબીજાને પુછીને અથવા મોબાઈલમાંથી જોઈને અથવા તો અન્ય રીતે ચોરી કરીને જવાબો લખ્યા હોવાનું માલુમ પડશે તેમની સામે એફઆઈઆર કરવામાં આવશે. આવા તમામ ઉમેદવારો આગામી ત્રણ વર્ષ સુધી કોઈપણ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા આપી શકશે નહીં. બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષામાં પેપર ફુટી ગયાના આક્ષેપો બાદ રાજ્યના પાંચ જિલ્લામાંથી ગેરરીતિની ૩૯થી વધુ ફરિયાદો થઈ હતી. પરીક્ષાઓના આગેવાનોએ પરીક્ષા રદ કરવાની માંગ સાથે સરકાર સાથે બેઠક

● અનુસંધાન પાના - ૭ પર

## જામિયાની હિંસા સામે પ્રિયંકાના ધરણા

### જામિયાના વિદ્યાર્થીઓને કોંગ્રેસના બધા નેતાઓનું સમર્થન

### લાઠીચાર્જ સામે વિરોધ : મમતા બેનર્જી દેખાવો પર ઉતર્યા

નવીદિલ્હી, તા. ૧૬

નાગરિક સુધારા કાનૂન સામેના વિરોધમાં પ્રિયંકા ગાંધી આજે પોતે જામિયાના બનાવને લઈને ઈન્ડિયા ગેટ ઉપર દેખાવો અને ધરણા પ્રદર્શન ઉપર




જામિયા મિલિયા ઈસ્લામિયા અને અન્ય કેટલીક યુનિવર્સિટીમાંથી દેખાવ પર ઉતરેલા વિદ્યાર્થીઓને પ્રિયંકા ગાંધી વાઢેરાના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટીએ જોરદાર સમર્થન આપ્યું છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઉતરી ગયા હતા. વિરોધ પક્ષો તરફથી જામિયા મિલિયા ઈસ્લામિયામાં દિલ્હી પોલીસની કાર્યવાહી સામે તપાસ કરવા અને જ્યુડિશિયલ તપાસની માંગ કરવામાં આવી છે.

# જામિયા હિંસાને લઈ સુપ્રીમ લાલઘૂમ

### આજે સુનાવણી : વિદ્યાર્થી છે જેથી તેમને હિંસા ફેલાવવા અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાની કોઇ કિંમતે મંજુરી આપી ન શકાય

નવી દિલ્હી,તા. ૧૬

નાગરિકતા સુધારા બિલ ઉપર જામિયા મિલિયા યુનિવર્સિટી અને અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના હિંસક પ્રદર્શનને લઈને સુપ્રીમ કોર્ટે આજે લાલઆંખ કરી હતી. વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહની અરજી ઉપર સુપ્રીમ કોર્ટે લાલઆંખ કરતા કહ્યું હતું કે, તેના દ્વારા આવતીકાલે આ મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવશે પરંતુ પહેલા હિંસા બંધ થાય તે ખુબ જરૂરી છે. ચીફ જસ્ટિસની બેંચ સમક્ષ અરજીકારોએ હિંસાના વિડિયો હોવાની વાત કરી હતી ત્યારે તેના જવાબમાં ચીફ જસ્ટિસ એસએ બોબડે દ્વારા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું હતું કે, આ કોર્ટ રુમ છે. અહીં શાંતિથી પોતાની વાત રજૂ કરવાની રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, વિદ્યાર્થી છે જેથી તેમને હિંસા કરવા અને સંપત્તિને નુકસાન પહોંચાડવાની કોઈ કિંમતે તક આપી શકાય નહીં. કાનૂન અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવાનું કામ પોલીસ કરી રહી છે. પોલીસ આનાથી વધારે કોઈ કામ કરી શકે નહીં. હિંસાને કોઈ ભોગે ચલાવી લેવામા આવશે નહી. શાંતિપૂર્ણ પ્રદર્શન કરી શકાય છે. જામિયા અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર પોલીસની કાર્યવાહી સામેના વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામા આવી હતી. અરજી કરનાર લોકોની દલીલ છે કે સમગ્ર દેશમાં માનવ અધિકારના ભંગ થઈ રહ્યા છે. પોલીસ કાર્યવાહી અયોગ્ય હોવાની દલીલ કરવામાં આવી હતી. અરજી કરનાર લોકો તરફથી ઈન્દિરા જયસિંહ દ્વારા દલીલ કરવામાં આવી હતી. તેઓએ ચીફ જસ્ટીસની સામે દલીલો કરી હતી. ચીફ જસ્ટીસે કહ્યુ હતુકે હિંસા બિલકુલ યોગ્ય નથી. જો મામલાના સમાધાન માટે પહોંચી ગયા છો તો શાંતિ સાથે તેમની દલીલો રજૂ કરવી જોઈએ.પોલીસ દ્વા કાર્યવાહીના સંબંધમાં દલીલ કરવામાં આવી હતી. જેના જવાબમાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે આ કાનુનનો મામલો છે. આમાં દિલ્હી પોલીસને કાર્યવાહી કરવાની જ રહેશે. અત્રે નોંધનીય છે કે નાગરિક કાનુન પાસ કરવામા આવ્યા બાદ દિલ્હી સહિત દેશના કેટલાક ભાગોમા વિરોધ પ્રદર્શન જારી છે. આસામ અને પૂર્વોતરના અન્ય રાજ્યોમાં જોરદાર દેખાવ થઈ રહ્યાછે.

## જામિયાની હિંસામાં ન્યાયિક તપાસની વિપક્ષની માંગણી

નાગરિક સુધારા બિલને લઈને હવે રાજકીય ઘમસાણની સ્થિતિ થઈ ગઈ છે. રાજનીતિ વધુ તીવ્ર બની ગઈ છે. આજે વિરોધ પક્ષના નેતાઓએ પત્રકાર પરિષદ યોજીને કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. પોલીસ એક્શન પર સવાલ ઉઠાવીને ગૃહમંત્રી અમિત શાહ ઉપર પ્રહારો કર્યા હતા. આ ગાળા દરમિયાન કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદ, સીપીઆઈના નેતા સીતારામ યેચુરી અને ડી રાજા ઉપસ્થિત રહ્યા હતા. આ તમામે જામિયા યુનિવર્સિટી હિંસા મામલામાં ન્યાયિક તપાસની માંગ કરી છે. વિપક્ષી નેતા આજે સાંજે પાંચ વાગે રાષ્ટ્રપતિને પણ મળ્યા હતા. ગુલામ નબીએ કેન્દ્ર સરકાર ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, આવનાર સમય દેશભરમાં હિંસક પ્રદર્શન થઈ રહ્યા હતા. દેશના તમામ રાજ્યોમાં દેખાવો થઈ રહ્યા છે. પોલીસ કેમ્પસમાં ઘુસીને લાઈબ્રેરીમાં જઈને બાથરુમમાં જઈને વિદ્યાર્થીઓને માર મારવામાં આવ્યા હતા.

Enjoy 31st Night
@ Joy Villa & Resort
Amarnath Mahadev Road
Maval, ABU Road, Rajasthan
₹400/- PP with Dinner
For Booking:
7990156450 - 9227733237

## મોંઘવારીએ માથું ઉંચક્યુ

ન્યુ દિલ્હી,તા.૧૬

તાજેતરમાં અમૂલ દ્વારા આવશ્યક ચીજવસ્તુ દૂધનના ભાવમાં જંગી વધારો કર્યાને ૨૪ કલાક પણ થયા નથી ત્યાં નવા સરકારી આંકડા દર્શાવે છે કે ગત નવેમ્બરમાં જથ્થાબંધ ભાવાંકમાં મોંઘવારી વધી છે.

આજે સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ જથ્થાબંધ ભાવાંક એટલે કે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (ઉँ)ની રીતે મોંઘવારી દર નવેમ્બરમાં વધીને ૦.૫૮ ટકાના સ્તરે પહોંચ્યો છે. જેનું કારણે શાકભાજી-કઠોળ સહિતની ખાદ્ય ચીજવસ્તુઓના જથ્થાબંધ ભાવમાં કમરતોડ વધારો છે. નોંધનીય છે કે, ગત સપ્તાહે ગ્રાહક ભાવાંકની રીતે રિટેલ ઈન્ફલેશન-છુટક ફૂગાવો ત્રણ વર્ષની ઊંચી સપાટીએ આવ્યો છે. મોંઘવારીએ ફરી માથું ઉંચક્યું છે અને સામાન્ય લોકોના ખિસ્સા ઉપર તગડો બોજ પડ્યો છે.

A JADE BLUE Enterprise
The Most Sensible
SALE
SHOP+SAVE
Buy 3 Get 3 Free*
greenfibre
GOOD LOOKS, EVERY DAY.
A wide range of formals, casuals and clubwear.
FLS 12.19
Gandhinagar: Haveli Arcade, Sector 11, 23246459 greenfibre.com Also available on jadeblue.com *T&C apply.
*Offer cannot be clubbed with any other offers & loyalty scheme.

## કુલદીપ સેંગર અંતે દોષિત જાહેર

નવીદિલ્હી, તા. ૧૬

ઉન્નાવ રેપ કેસના મામલામાં ભાજપમાંથી હકાલપટ્ટી કરવામાં આવેલા કુલદીપસિંહ સેંગર સગીરા રેપ કેસના મામલામાં દોષિત જાહેર કરવામાં આવ્યા છે. ઉન્નાવ રેપ અને અપહરણ મામલામાં સેંગર દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ કોર્ટમાં જ પડી પડ્યા હતા. કુલદીપ સેંગરની સામે દિલ્હીની તીસહજારી કોર્ટે આજે પોતાનો ચુકાદો આપ્યો હતો. ૨૦૧૭ના અપહરણ અને બળાત્કારના મામલામાં ધારાસભ્ય સેંગરને દોષિત જાહેર કરીને કોર્ટે ચાર્જશીટ દાખલ કરવામાં વિલંબને લઈને સીબીઆઈને જોરદાર ફટકાર લગાવી હતી. મહિલા આરોપી શશી સિંહને કોર્ટે નિર્દોષ જાહેર કરી દીધી છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે:૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

12th સાયન્સમાં કોઈપણ જગ્યાએ ADMISSION લેતા પહેલા એક વખત
Free DEMO માટે AVISHKAR ACADEMY ની મુલાકાત લો...
Add Extra efforts to your Final Preparation for NEET 2020
Available Courses
English - Gujarati Medium
CAPSULE COURSE
100 Days
Batch starts Dt. 19/12/2019
Dt. 02/01/2020
12th Course (Board + NEET) before Board Exam.
11th Course after Board exam.
CRASH COURSE
45 Days
Batch Starts Dt. 23/03/2020
Complete Coverage of Syllabus (11th + 12th NEET)
OUR TEAM
Badal Patel (BHP) (Ex. Allen Faculty) BIOLOGY
Shivrajsinh Zala (SZ) (Ex. Allen Faculty) PHYSICS
Mahavir Makwana(MDM) (Ex. Allen Faculty) BIOLOGY
J. P. Rathod (JP) (Ex. Allen Faculty) PHYSICS
Bharat Patel (BKP) (Ex. Allen Faculty) CHEMISTRY
Mohit Trivedi (MT) (Ex. Allen Faculty) BIOLOGY
Mehul Pandit (MP) (Ex. Allen Faculty) BIOLOGY
AVISHKAR ACADEMY
Our dream is to fulfill your dreams
Pramukh Tangent, 2nd & 3rd Floor, Sargasan Cross Road, Sargasan, Gandhinagar, Gujarat - 382 421.
63588 55981